Monday
25.11.2024
✳Volume :9 ✳ Issue No.130
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

✳Office: A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

મોદીએ તેમના શાળાના દિવસોને યાદ કર્યા

વડાપ્રધાનશ્રી મોદીએ દેશના યુવાનોને એનીસીમાં જોડાવા માટે અપીલ કરી

તેમણે કચરામાંથી ફેશન એસેસરીઝ બનાવવા માટે મુંબઈની બે દીકરીઓના પ્રયત્નોની પ્રશંસા કરી હતી

કમલમ્, નવી દિલ્હી

મહારાષ્ટ્રમાં બમ્પર જીત બાદ પીએમ મોદીએ તેમના પ્રતિમાસના રેડિયો કાર્યક્રમ મન કી બાત દ્વારા લોકો સાથે જોડાયા. તેમણે આજે નેશનલ કેડેટ કોર્પ્સ એટલે કે એનઆઈસીસી ડે પર તેમના શાળાના દિવસોને યાદ કર્યા. આટલું જ નહીં વડાપ્રધાન મોદીએ દેશના યુવાનોને એનીસીમાં જોડાવા માટે પણ અપીલ કરી છે. આ સિવાય પીએમએ કહ્યું કે ૧૨ જાન્યુઆરીએ વિવેકાનંદ જયંતિના અવસરે ભારત મંડપમમાં યુવા વિચારોનો મહાકુંભ યોજાશે. તેને 'Developed India Young Leaders Dia-logue' નામ આપવામાં આવ્યું છે. આ સિવાય મોદીએ ગુયાનાની તેમની વિદેશયાત્રાનો પણ ઉલ્લેખ કર્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે આપણી આજુબાજુની જૈવ-વિવિધતાને જાળવવામાં ચકલીનું ખૂબ જ મહત્વનું યોગદાન છે, પરંતુ આજે શહેરોમાં ચકલીઓ ખૂબ જ મુશ્કેલીથી જોવા મળે છે. વધતા શહેરીકરણને કારણે ચકલી આપણાથી દૂર થઈ ગઈ છે. આજની પેઢીના ઘણા એવા બાળકો છે, જેમણે ચકલીને માત્ર તસવીરો કે વીડિયોમાં જ જોઈ છે. આવા બાળકોના જીવનમાં આ મનોહર પંખીને પાછું લાવવા માટે કેટલાક અનોખા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. દેશ ૧૨ જાન્યુઆરીએ સ્વામીવિવેકાનંદની જન્મજયંતિના રોજ 'યુવાદિવસ' ઉજવે છે. આવતા વર્ષે સ્વામી વિવેકાનંદની ૧૬૨મી જન્મજયંતિ છે. આ વખતે તે ખૂબ જ ખાસ રીતે ઉજવવામાં આવશે. આ અવસર પર ૧૧-૧૨ જાન્યુઆરીએ દિલ્હીના ભારત મંડપમ ખાતે યુવા વિચારોનો મહાકુંભ યોજાવા જઈ રહ્યો છે અને આ પહેલનું નામ છે 'વિકસિત ભારત Young Leaders Dia-logue'. વડાપ્રધાન મોદીએ તેમના મન કી કાર્યક્રમમાં સૌથી પહેલા NCC નો ઉલ્લેખ કર્યો હતો. મોદીએ કહ્યું કે, NCC મને મારા શાળાના દિવસોની યાદ અપાવે છે. NCC ડે પર મોદીએ કહ્યું કે હું પોતે NCC કેડેટ રહ્યો છું. હું પૂરો વિશ્વાસ સાથે કહી શકું છું કે આમાંથી મળેલો અનુભવ મારા માટે અમૂલ્ય છે. NCC સેવા, નેતૃત્વ અને સેવાની ભાવના કેળવે છે. પીએમ મોદીએ કહ્યું કે NCC ને મજબૂત કરવા માટે સતત કામ કરવામાં આવી રહ્યું છે. મોદીએ કહ્યું કે ૨૦૧૪માં લગભગ ૧૪ લાખ યુવાનો NCC માં જોડાયા હતા અને ૨૦૨૪માં ૨૦ લાખ યુવાનો તેમાં જોડાશે.

મહારાષ્ટ્રમાં ૨૫ નવેમ્બરે વાનખેડે સ્ટેડિયમમાં શપથ ગ્રહણ સમારોહ

૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ જીત બાદ ભાજપ સમર્થિત મહાયુતિ ગઠબંધન આગામી સરકાર બનાવવા માટે તૈયાર છે

કમલમ્, મુંબઈ

૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ જીત બાદ ભાજપ સમર્થિત મહાયુતિ ગઠબંધન આગામી સરકાર બનાવવા માટે તૈયાર છે. શપથ ગ્રહણ સમારોહ સોમવાર, ૨૫ નવેમ્બરના રોજ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં યોજાશે તેવા અહેવાલ છે. શપથ ગ્રહણ સમારોહની જાહેરાત થઈ ગઈ હોવા છતાં મુખ્ય મંત્રી પદને લઈને સસ્પેન્સ યથાવત છે. ભાજપ, શિવસેના (એકનાથ શિંદેની આગેવાની હેઠળ) અને NCP (અજિત પવારની આગેવાની હેઠળ) નો સમાવેશ કરીને મહાયુતિએ જંગી જીત મેળવી અને વિપક્ષ મહા વિકાસ અઘાડી (MVA) ને હરાવીને સત્તામાં વાપસી કરી છે. ભાજપે ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી ૧૩૨ બેઠકો જીતીને પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું છે અને ૧૪૮ બેઠકોમાંથી ૧૩૨ બેઠકો પર ભવ્ય વિજય મેળવ્યો છે. શિવસેનાએ ૫૭ બેઠકો અને NCP (અજિત પવાર જૂથ) ૪૧ બેઠકો જીતીને તેના સહયોગીઓએ પણ સારું પ્રદર્શન કર્યું છે. તેનાથી વિપરીત સ્ફછ ગઠબંધનને મોટો આંચકો લાગ્યો હતો. શિવસેના (UBT)એ ૨૦ બેઠકો જીતી, કોંગ્રેસને ૧૬ બેઠકો અને NCP (શરદ પવાર જૂથ)ને માત્ર ૧૦ બેઠકો મળી હતી.

આ ચૂંટણી મહાયુતિ માટે મોટો ઉલટફેર સાબિત થયો. પાંચ મહિના પહેલા મહાયુતિ ગઠબંધનને લોકસભા ચૂંટણીમાં શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો, મહારાષ્ટ્રમાં ૪૮ લોકસભા બેઠકોમાંથી માત્ર ૧૭ બેઠકો જીતી હતી. જો કે જીત બાદ મહાયુતિ ફરી સત્તામાં આવી છે, પરંતુ મુખ્યમંત્રી પદને લઈને સ્થિતિ હજુ સ્પષ્ટ નથી. એકનાથ શિંદે, જેમણે મુખ્ય પ્રધાન તરીકે સેવા આપી હતી, શિવસેનાને ૫૭ બેઠકો જીતી હતી. ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સંકેત આપ્યો હતો કે આ નિર્ણય ત્રણ પક્ષોના રાષ્ટ્રીય નેતૃત્વ પર છોડવામાં આવશે. આ નિવેદ નથી એવી અટકળોને વેગ મળ્યો છે કે ભાજપ મુખ્યમંત્રી પદ પર પોતાનો દાવો રાખી શકે છે.

૨૦ નવેમ્બરે યોજાયેલી વિધાનસભાની ચૂંટણીએ સ્પષ્ટ કર્યું છે કે ભાજપે તેનો રાજકીય આધાર મજબૂત કર્યો છે અને તેના સાથી પક્ષોને એક કરીને અસરકારક રીતે ચૂંટણી લડી છે. જ્યારે કેટલાક એક્ઝિટ પોલ્સે કાંટે કી ટક્કર હોવાની આગાહી કરી હતી, ત્યારે મહાયુતિની નિર્ણાયક જીતે તેની રાજકીય તાકાત સાબિત કરી હતી. વિધાનસભાની ૨૮૮ બેઠકોમાંથી ૧૪૫ બેઠકોની બહુમતી જરૂરી હતી, જેને મહાયુતિએ સરળતાથી પાર કરી લીધી. આ જીતથી મહારાષ્ટ્રમાં ભાજપની તાકાત તો વધી જ છે, પરંતુ પાર્ટીને એક નવી રાજકીય ઉર્જા પણ મળી છે. આગામી દિવસોમાં મહારાષ્ટ્રમાં શું રાજકીય ગતિવિધિઓ સામે આવે છે તે જોવું રસપ્રદ રહેશે.

૧૪૯ પર લડી અને જીતી ૧૩૩ સીટો

ભારતીય જનતા પાર્ટીએ મહારાષ્ટ્રમાં વિરોધીઓને એવો પરાજય આપ્યો જેની કલ્પના પણ કોઈએ નહોતી કરી

મહારાષ્ટ્રમાં ભાજપનું તોફાન, તોડ્યા અનેક રેકોર્ડ

કમલમ્, નવી દિલ્હી,

યોગી આદિત્યનાથ યુપીમાં હિન્દુત્વની રાજનીતિથી જીત્યા. મહારાષ્ટ્રમાં પણ આવું જ જોવા મળ્યું છે. ત્યાં દેવેન્દ્ર ફડણવીસે હિન્દુત્વનો ઝંડો ઊંચકીને ભાજપને મહારાષ્ટ્રના રાજકારણનો બિગ બોસ બનાવી દીધો છે. સાફ કરવું છે એટલે કંઈ બાકી નથી, બધું પૂરું થઈ ગયું છે. સંપૂર્ણપણે બધુ ખતમ થઈ જવું. આજે મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધને મહાવિકાસ આઘાડી સાથે પણ આવું જ કર્યું છે. મહાયુતિએ મહારાષ્ટ્રમાં એવું તોફાન મચાવ્યું કે તેણે ૨૮૮માંથી ૨૩૦ બેઠકો જીતી અને મહાવિકાસ આઘાડી માત્ર ૪૬ બેઠકો પર જ સમેટાઈ ગઈ.

મહાયુતિ ગઠબંધન સ્ફછ કરતાં લગભગ પાંચ ગણી બેઠકો જીતી ચૂક્યું છે. મતલબ કે મહારાષ્ટ્રમાં મહાયુતિનું વાવાઝોડું ફૂંકાયું છે અને એમવીએનો વિનાશ થઈ ગયો છે. રસપ્રદ વાત એ છે કે મહાવિકાસ અઘાડીને શિંદેની શિવસેનાએ એકલા હાથે હાર આપી છે. શિવસેનાએ ૫૭ બેઠકો જીતી હતી, જ્યારે મહાવિકાસ અઘાડી, કોંગ્રેસ, શિવસેના ઉદ્ધવ જૂથ અને એનસીપી શરદ પવાર મળીને માત્ર ૪૭ બેઠકો જીતી શક્યા છે. મહારાષ્ટ્રના ચૂંટણી પરિણામોએ એ પણ સ્પષ્ટ કરી દીધું છે કે હવે ભાજપ મહારાષ્ટ્રમાં સત્તાપર બિગબોસ છે, જેણે આ વખતે એટલું જોરદાર પ્રદર્શન આપ્યું છે કે તેણે તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. એક નજર કેટલાક ફેક્ટ્સ પર કરીએ તો મહાયુતિમાં સામેલ ભાજપે કુલ ૧૪૯ બેઠકો પર ચૂંટણી લડી હતી. તેમાંથી તેણે ૧૩૩ બેઠકો જીતી હતી. શિવસેના શિંદેએ ૮૧ બેઠકો પર ચૂંટણી લડી હતી અને ૫૭ બેઠકો જીતી હતી. એનસીપીની વાત કરીએ તો તેણે ૫૯ સીટો પર ચૂંટણી લડી હતી અને ૪૧ સીટો જીતી હતી. મહાવિકાસ અઘાડીની વાત કરીએ તો કોંગ્રેસ ૧૦૧માંથી ૧૫ સીટો જીતી છે. શિવસેના ન્ન ૯૫ માંથી ૨૦ સીટો જીતી શકી, એનસીપી શરદ પવારે જૂથ ૮૬ બેઠકો પર લડી હતી અને માત્ર ૧૦ બેઠકો જીતી છે.

કોની કેટલી સ્ટ્રાઈક રેટ?

- ભાજપનો સ્ટ્રાઈક રેટ લગભગ ૮૮ ટકા છે.
- શિવસેના શિંદેનો સ્ટ્રાઈક રેટ લગભગ ૬૭ ટકા છે.
- એનસીપીનો સ્ટ્રાઈક રેટ ૬૯ ટકાની આસપાસ છે.
- કોંગ્રેસનો સ્ટ્રાઈક રેટ લગભગ ૧૫ ટકા છે.
- શિવસેના ઉદ્ધવનો સ્ટ્રાઈક રેટ લગભગ ૨૨ ટકા છે.
- અને NCP શરદ પવારનો સ્ટ્રાઈક રેટ ૧૧ ટકા આસપાસ છે.

કોને કેટલા મત મળ્યા?

- ભાજપને ૨૬.૭૭ ટકાથી વધુ વોટ મળ્યા છે.
- શિવસેના શિંદેને લગભગ ૧૨.૩૭ ટકા વોટ મળ્યા છે.
- NCP અજિત પવારને લગભગ ૯.૦૨ ટકા વોટ મળ્યા છે.
- કોંગ્રેસને લગભગ ૧૨.૩૯ ટકા વોટ મળ્યા છે.
- શિવસેના ઉદ્ધવને લગભગ ૯.૯૭ ટકા વોટ મળ્યા છે.
- એનસીપી શરદ પવારને લગભગ ૧૧.૨૯ ટકા વોટ મળ્યા છે.

એટલે કે સીટ જીતવામાં નંબર વન... મત ટકાવારીમાં નંબર વન... વિનિંગ સ્ટ્રાઈક રેટમાં પણ નંબર વન... ભાજપ દરેક બાબતે આગળ નિકળ્યું છે. પાછળ દૂર-દૂર સુધી કોઈ નથી. મહત્વની વાત છે કે મહારાષ્ટ્રમાં બહુમતનો આંકડો ૧૪૫નો છે અને ભાજપે એકલાએ ૧૨૬ સીટ જીતી છે. એટલે કે બહુમતથી માત્ર ૧૯ સીટ ઓછી.

કેન્દ્રીય જળશકિત મંત્રી સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં શિક્ષણ રાજયમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાના હસ્તે સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત રૂ. ૪૫.૨૦ કરોડના ખર્ચે ૧૯ પ્રાથમિક શાળાઓનું ખાતમુહૂર્ત

કુલ ૨૮૦ વર્ગ ખંડો નિર્માણ પામશે: ૭૦૫૭ વિદ્યાર્થીઓને શૈક્ષણિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શિક્ષણ સુવિધાઓનો લાભ મળશે

કમલમ્, સુરત

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલની પ્રેરક ઉપસ્થિતિમાં શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાના હસ્તે સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત રૂ. ૪૫.૨૦ કરોડના ખર્ચે ૧૯ પ્રાથમિક શાળાઓનું ખાતમુહૂર્ત ઉધના સ્થિત શાળા નં.૨૧૦/૧૪૨, વિકાસ કોલોની સામે, હરિનગર ખાતેથી કરવામાં આવ્યું હતું. ઝડપભેર સાકારિત થનાર આ સ્કૂલોથી શહેરમાં શૈક્ષણિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શિક્ષણ સુવિધાઓ વધશે. આ શાળાઓમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ૧, અઠવા ઝોનમાં ૧, વરાછા-એ ઝોનમાં ૧, વરાછા-બી ઝોનમાં ૨, ઉધના-એ ઝોનમાં ૪, ઉધના બી ઝોનમાં ૧, કતારગામ ઝોનમાં ૪, રાંદેર ઝોનમાં ૫ સહિત કુલ-૧૯ પ્રાથમિક શાળાના બાંધકામનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. સેન્ટ્રલ ઝોનમાં અંદાજિત રૂ.૨.૧૮ કરોડના ખર્ચે શાળા નં.૪૧, મલેસર મહોલ્લો રુસ્તમપુરા ખાતે અઠવા ઝોનમાં ઉમરા ગામતળ ખાતે રૂ.૨.૮૨ કરોડના ખર્ચે શાળા નં.૦૩, વરાછા-એ ઝોનમાં રૂ.૩.૮૬ કરોડના ખર્ચે શાળા નં.૯૦ (ભાતની વાડી, મીની બજાર, વરાછા ખાતે), વરાછા-બી ઝોનમાં રૂ.૩૯.૮૬ લાખના ખર્ચે શાળા નં.૩૮૪ (મુ.પો. ખડસદ, કામરેજ ખાતે) અને અંદાજિત રૂ.૩૯.૮૬ લાખના ખર્ચે શાળા નં.૩૯૦ (મુ.પો.ગોથાણ, બંગર ફળિયું, ઓલપાડ ખાતે), ઉધના-એ ઝોનમાં રૂ.૯.૨૫ કરોડના ખર્ચે શાળા નં.૨૧૩/૨૧૪/૨૧૫ (ભેસ્તાન ગામતળ ખાતે) અને રૂ.૪.૩૦ કરોડના ખર્ચે શાળા નં.૧૯૭,૧૯૮ (મીરા નગર, ઉધના ખાતે), રૂ.૫.૨૮ કરોડના ખર્ચે શાળા નં.૨૧૦,૧૪૨ બી.આર.સી. સામે વિકાસ કોલોની ઉધના ખાતે, રૂ.૭૯.૭૨ લાખના ખર્ચે શાળા નં.૩૩ (રામજી મંદિરની બાજુમાં, નિશાળ ફળિયું, વડોદ ખાતે), ઉધના બી ઝોનમાં રૂ.૭૯.૭૨ લાખના ખર્ચે શાળા નં.૩૭૪ (મુ.પો. ઉબેર ખાતે), કતારગામ ઝોનમાં અંદાજિત રૂ.૩.૯૭ કરોડના ખર્ચે શાળા નં.૧૧૭/૧૨૦ (ગોટાલાવાડી, કતારગામ રોડ ખાતે), રૂ.૨.૭૩ કરોડના ખર્ચે શાળા નં.૧૭૧ (કતારગામ પોલીસ ચોકીની બાજુમાં કતારગામ ખાતે), અંદાજિત રૂ.૩.૮૧ કરોડના ખર્ચે શાળા નં.૧૭૨ (દેસાઈ વાડીની સામે, કતારગામ બસ સ્ટેન્ડ ખાતે), રૂ.૭૯.૭૨ લાખના ખર્ચે શાળા નં.૩૮૯ (મુ.પો.વસવારી ઓલપાડ ખાતે), રાંદેર ઝોનમાં રૂ.૯૯.૬૫ લાખના ખર્ચે શાળા નં.૧૬૩ (વારિગૃહની સામે જહાંગીરાબાદ, ઉગત ખાતે), રૂ.૫૯.૭૯ લાખના ખર્ચે શાળા નં.૩૯૫ (નવી વસાહત હળપતિવાસ ખાતે), રૂ.૭૯.૭૨ લાખના ખર્ચે શાળા નં.૩૯૮ (મુ.પો. ભેંસાણ ખાતે), રૂ.૫૯.૭૯ લાખના ખર્ચે શાળા નં.૩૯૭ (ઈચ્છાપોર, ખડી મહોલ્લા, મુ.પો ઈચ્છાપોર ખાતે), રૂ.૭૯.૭૨ લાખના ખર્ચે શાળા નં.૩૯૬ (રાખલ નગર કોલોની, ભાઠા ખાતે) ગુજરાતી અને મરાઠી માધ્યમની પ્રાથ. શાળાઓનું બાંધકામ કરવામાં આવશે. કુલ ૨૮૦ વર્ગ ખંડો નિર્માણ પામશે જેમાં ૭૦૫૭ વિદ્યાર્થીઓ વિવિધ ભાષાઓમાં શિક્ષણનો લાભ મેળવી શકશે.

આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી સંદીપભાઈ દેસાઈ, મનુભાઈ પટેલ, મેયર દક્ષેશભાઈ માવાણી, ડેપ્યુટી મેયર ડો. નરેન્દ્ર પાટિલ, સ્થાયી સમિતિના ચેરમેન રાજન પટેલ, શાસક પક્ષના નેતા શશીબેન ત્રિપાઠી, દંડક ધર્મેશ વાણીયાવાલા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરો, મનપાના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

આ વખતે શિયાળાની શરૂઆત ઘણી મોડી થઈ હોય તેવું લાગે છે, પરંતુ છેલ્લાચાર દિવસથીઠંડીમાં વધારો થઈ રહ્યોછે. અમદાવાદનું તાપમાન છેલ્લા ત્રણ દિવસની અંદર ચાર ડિગ્રી સેલ્સિયસ જેટલું ઘટી ગયું છે. શનિવારે અમદાવાદમાં ૧૫.૭ ડિગ્રીલઘુતમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદના સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતા ૦.૩ ડિગ્રીનો ઘટાડોનોંધાયો છે. હવામાન વિભાગની આગાહી છે કે આગામી ત્રણ દિવસમાંઅમદાવાદમાં મિનિમમ તાપમાન ૧૭ડિગ્રીની આસપાસ હેશે. રાજ્યના ઘણા વિસ્તારમાં તાપમાન નીચે જઈ રહ્યું છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે ૨૮ નવેમ્બરથી અમદાવાદનું તાપમાન ૧૪ ડિગ્રીથી પણ નીચે જઈ શકે છે અને ઠંડીમાં વધારો અનુભવાશે. આજે દિવસ દરમિયાન અમદાવાદમાં વધુમાં વધુ ૩૧ ડિગ્રી તાપમાન અનુભવાયું હતું. શનિવારે રાતે ગાંધીનગરનું તાપમાન ૧૧.૬ ડિગ્રી હતું જે ચાલુ સિઝનમાં સૌથી ઠંડો દિવસ હતો. ગાંધીનગરના તાપમાનમાં સામાન્ય કરતા ૪.૫ ડિગ્રીનો ઘટાડો થયો છે. ગઈકાલે રાતે ૧૫ ડિગ્રી કરતા ઓછુંતાપમાન હોય તેમાં દાહોદ, નલિયા, રાજકોટ, ડીસા, વડોદરા અને અમરેલીનો સમાવેશ થાય છે. ગુજરાતમાં મુખ્ય જગ્યાઓ પર તાપમાનની વાત કરવામાંઆવે તો ગાંધીનગરમાં ઓછામાંઓછું ૧૧.૬ ડિગ્રી, દાહોદમાં ૧૧.૯ ડિગ્રી, નલિયામાં ૧૨.૨ ડિગ્રી, રાજકોટમાં ૧૪, ડીસામાં ૧૪.૧ ડિગ્રી, વડોદરામાં ૧૪.૪, પોરબંદરમાં ૧૪.૫ ડિગ્રી, અમરેલીમાં ૧૪.૬ ડિગ્રી, ડાંગમાં ૧૫.૬ ડિગ્રી, અમદાવાદમાં ૧૫.૭, ભુજમાં ૧૬.૬, ભાવનગરમાં ૧૬.૯, કંડલામાં ૧૭.૯, દમણમાં ૧૮.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. સુરતમાં ૧૯ ડિગ્રી તાપમાન નોંધાયું છે. દરમિયાન દેશમાંઉત્તરપૂર્વ પવનનીદિશાને લઈને ઠંડીમાં વધારો જોવા મળી રહ્યો છે. હિમાલય તરફના પવન ફુંકાતા તાપમાનમાં ઘટાડો આવ્યો છે.

કમલમ્,

સંતરામપુર તાલુકાના નાની સરસણ ખાતે શ્રી વેલજીભાઈ ગુલાબચંદ પંચાલ તથા શ્રી ભરતભાઈ વેલજીભાઈ પંચાલ ના નિવાસ સ્થાને આયોજિત ભજન ભોજન ના પ્રોગ્રામ મા કેબિનેટ મંત્રી શ્રી ડો. કુબેરભાઈ ડિંડોર સાહેબે હાજરી આપી સેવાનો લાભ લીધો. આ તકે ગામના આગેવાનો,વડીલો, ભાઈઓ બહેનો તેમજ ભક્તો ઉપસ્થિત રહ્યા.

મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા મુલાકાત

કલેકટર શ્રી ગાંધીનગર મેહુલ દવે દ્વારા ૧૪ મતદાન મથકની મુલાકાત લેવામાં આવી

શાળાના ક્રીડાંગણમાં ક્રિકેટ રમી રહેલ વિદ્યાર્થીઓ સાથે કલેકટર શ્રી એ મુલાકાત કરી મતદાનની મહત્તા સમજાવી

વિદ્યાર્થીઓને મતદાર નોંધણીની પ્રક્રિયાથી અવગત કરી નોંધણી કરાવવા કલેકટરશ્રીએ પ્રોત્સાહીત કર્યા

કમલમ્, ગાંધીનગર

જિલ્લા ચૂંટણી અધિકારી અને ગંધીનગરકલેકટરશ્રીમેહુલ કે. દવે દ્વારા મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત તા. ૨૪ નવેમ્બરનાખાસ ઝુંબેશના દિવસે ૩૬-ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા મતદાર વિભાગ તથા ૩૮ કલોલ વિધાનસભા મતદાર વિભાગની મુલાકાત લેવામાં આવી હતી.આ મુલાકાત દરમ્યાન ૩૬-ગાંધીનગર (ઉત્તાર) વિધાનસભા મતદાર વિભાગનાસેકટર-૫ તથા સેકટર-૬ ના મતદાન મથક નં.૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૧૩૩, ૧૩૪ અને ૧૩૫ એમ કુલ-૦૯ તથા ૩૮ કલોલ વિધાનસભા મતદાર વિભાગના પલોડીયા તથા રાચરડાના મતદાન મથક નંબર-૨૨૫, ૨૨૬,૨૨૭,૨૩૦ અને ૨૩૧ એમકુલ-૫ મતદાન મથકો મળી જીલ્લાના કુલ-૧૪ મતદાન મથકોની મુલાકાત લઈ બુથ લેવલ ઓફીસર દ્વારા હાથ ધરવામાં આવતી કામગીરી જેમ કે નવિન નામ નોંધણી, નામ કમી, નામની વિગતોમાં સુધારા-વધારા કે નામ સ્થળાંતરની તપાસણી કરી હતી. ઉપરાંત તા.૦૧.૦૧.૨૦૨૫ના સંદર્ભમાં યુવામતદારોની મહત્તમ નોંધણી થાય, સાથોસાથ મહિલા મતદારોની મહત્તમ નોંધણી થાય તે ખાસ જોવાની કલેકટર શ્રી દ્વારા હિમાયત કરવામાં આવી હતી. વધુમાંમૃત્યુ પામેલ કે લગ્નકે અન્ય કોઈ કારણોસર સ્થળાંતર થયેલા મતદારોના નામ મતદાર યાદીમાંથી કમીશાય તેબાબતે લક્ષ આપવા સાથે મહત્તમ મતદારોની નોંધણી સાથે ક્ષતિરહિત મતદારયાદી તૈયાર થાય તે માટે બુથ લેવલ ઓફિસરને માર્ગદર્શન આપવામાં આવ્યું. આ મુલાકાત સમયે કલેકટરશ્રી દ્વારા હાજર અરજદારોને ચૂંટણી પંચની કામગીરીથી અવગત કરવામાં આવેલ તેમજ વાર્તાલાપ કરવામાં આવેલ. હાજર અરજદારો દ્વારા ચૂંટણી પંચની કામગીરી બાબતે સંતોષ વ્યક્ત કર્યો હતો. આ મુલાકાત દરમિયાન શાળાના ક્રીડાંગણમાં ક્રિકેટ રમી રહેલ વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી તેઓ મતદાર તરીકે નોંધાયેલ છે કે કેમ, તેની પુછપરછ કરી બાકી વિદ્યાર્થીઓને મતદાર નોંધણીની પ્રક્રિયાથી અવગત કરી નોંધણી કરાવવા કલેકટર શ્રીએ પ્રોત્સાહીત કરતા યુવાનોને મતદાનની કિંમત સમજાવા સાથે, લોકશાહી દેશમાં તેમનો એક મત કેટલો કિંમતી હોય તેની પ્રેરણા પણ મળી હતી. આ મુલાકાત દરમ્યાન નાયબ જિલ્લા ચૂંટણીઅધિકારીશ્રી જે. એન. પટેલ, મતદાર નોંધણી અધિકારી ૩૬-ગાંધીનગર (ઉત્તાર) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગર પાર્થ કોટડીયા, મતદાર નોંધણી અધિકારી ૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, કલોલ તેમજ મામલતદારશ્રી, ગાંધીનગર એન. જે. નાયી પણ ઉપસ્થિત રહ્યા હતા.

નિષ્ફળતા એક ઈવેન્ટ છે, તે ક્યારેય કોઈ વ્યકિત ન હોય - ઈફ્ફી ૨૦૨૪માં પીઢ અભિનેતા અનુપમ ખેર

"હું મારી પોતાની નિષ્ફળતાઓની સક્સેસ સ્ટોરી છું" - અનુપમ ખેર

પીઢ અભિનેતાએ ૫૫મા આઇએફએફઆઇ માસ્ટરક્લાસ પર 'ડોન્ટ ગિવ અપ'ની તેમની જીવનની ફિલસૂફીને દ્રઢપણે સમર્થન આપ્યું

કમલમ્,

ભારતીય સિનેમાના શ્રેષ્ઠ અભિનેતાઓમાંના એક શ્રી અનુપમખેરે, ૫૫મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI) ના ચોથા દિવસે આજે એકેડેમીઓફ આર્ટસ, પણજી, ગોવાખાતે એક મંત્રમુગ્ધકરનાર માસ્ટર ક્લાસ દ્વારાવિદ્યાર્થીઓ અને પ્રતિનિધિઓને સંમોહિત કર્યા. શ્રી ખેરે 'ધપાવર ઓફ ફેઈલર' પર સત્રની શરૂઆતએમ કહીને કરી, ''મને લાગે છે કે હું મારી નિષ્ફળતાઓની સફળતાની વાર્તા છું.'' આખું સત્ર જીવનના પાઠો પર ખરેખર એક માસ્ટરક્લાસહતું, જેમાંતેમના અંગતજીવનની ઘણી વાર્તાઓ તેમની લાક્ષણિક બુદ્ધિથી ભરેલી હતી. અનુપમ ખેરેકહ્યું કે એમની કથાનો આરંભ શિમલામાં થયો હતોજ્યાં ચૌદસભ્યોના સંયુક્ત પરિવારે પોતાનું જીવન એક જ ઓરડામાં વિતાવ્યું હતું જેમાં એમના પિતાજ કમાનારા સભ્ય હતા. તેમના શબ્દોમાં કહીએ તો, તેઓ ગરીબ હતા, પરંતુ આશ્ચર્યજનક રીતે ખુશ હતાઅને તેમનાદાદાએ ટિપ્પણીકરી હતી કે, "જ્યારે લોકો ખૂબ ગરીબ હોય છે, ત્યારે તેમના માટે સૌથી સસ્તી વસ્તુ સુખ બની જાય છે." અત્યંત અનુભવી અભિનેતાએ પાંચમાધોરણમાં ભણતીવખતે પહેલી વાર શાળાના નાટકમાં ભાગ ભજવ્યો હતો તે યાદ કરતાં કહ્યું હતું કે જ્યારે તે આશ્વાસન ઈનામ પણ મેળવવામાં નિષ્ફળ ગયા ત્યારે તેઓ દયનીય બની ગયા હતા. "'નિષ્ફળતા એ એક ઘટના છે, ક્યારેય કોઈ વ્યક્તિ નથી હોતી', મારા પિતાએ તેદિવસે મને શીખવ્યું હતું. તેના પછીની સહેલગાહમાં, ઉભરતા અભિનેતાએ વિલિયમ શેક્સપિયરના 'મર્ચન્ટ ઓફ વેનિસ' નાટકમાં તેમને સોંપવામાં આવેલા સંવાદની ૨ પંક્તિઓમાં ૨૭ ભૂલો કરી હતી! નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (એનએસડી) ગોલ્ડ મેડલ વિજેતા યુવા અભિનેતા પહેલીવાર મુંબઈ આવ્યા તેસમયની વાત કરીએતો. ખેરે કહ્યું, "હું પહેલેથી જ એનએસડીગોલ્ડ મેડલવિજેતા હતોત્યારથી પહેલીજ તકમળતા સિટી ઓફ ડ્રીમ્સને જીતવાનો આત્મવિશ્વાસ મારામાં હતો." પરંતુ થોડા જ મહિનાઓમાં તેને ૨૭ દિવસ રહેવા માટે બાંદ્રા ઈસ્ટ રેલવે સ્ટેશન પર શિફ્ટ થવું પડ્યું હતું. પરંતુ ઘણા ઉતાર -ચઢાવ પછી ખેરને ફિલ્મ 'સારંશ'થી પુરસ્કાર મળ્યો. શ્રી ખેરે યાદ કર્યું કે ૧૯૮૪માં તેઓ પહેલીવાર દિલ્હીમા IFFIની મુલાકાતેગયા હતા. આ માસ્ટર ક્લાસસાથે IFFIની તેમની પ્રથમ મુલાકાતને ૪૦ વર્ષ થયા છે. અનુપમ ખેર માટેજીવન રોલરકોસ્ટરની સવારીજેવુંબની રહ્યું. પરંતુ દરેક પતનમાં, પછી ભલે તે 'હમ આપકે હૈ કૌન'ના શૂટિંગ દરમિયાનચહેરાના લકવાનો ભોગ બન્યા હોય એ સમય હોય, અથવા જ્યારે તેઓ ૨૦૦૪માં લગભગનાદાર થઈ ગયાએ સમય; દરેક વખતે, તેઓ તેમના પિતા અને દાદા પાસેથી મળેલી શિખામણને વળગી રહ્યા. શ્રી ખેરની ઉબડખાબડ જીવન યાત્રાને સાંભળીનેશ્રોતાઓ અવાચકથઈ ગયા હતા. પરંતુતેમના ચુંબકીય વ્યક્તિત્વ, વિચાર-વિમર્શ અનેઅભિનય સાથે, અડસઠ વર્ષનાપીઢ અભિનેતાએ, 'ક્યારેય હારન માનોજેવા', તેમનાજીવન દર્શનના ટોનિક સાથે સમગ્ર શ્રોતાઓને સહેલાઈથી સંભાળી લીધા હતા!

'સ્નો ફ્લાવર:' સંસ્કૃતિ, કુટુંબ અને ઓળખની એક ક્રોસ-કન્ટ્રી વાર્તા

સમશીતોષ્ણ અને ઉષ્ણકટિબંધીય ક્ષેત્રમાં ખીલેલી એક વાર્તા, 'સ્નો ફ્લાવર' કુટુંબ, પ્રેમ અને સંબંધિત વિષયોને શોધી કાઢે છે

કમલમ્,

ભારતના ૫૫મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં સ્નોફ્લાવરે ગાલાપ્રીમિયરના ભાગરૂપે પોતાની આગવીઓળખ ઊભી કરી હતીઅને જાણીતા દિગ્દર્શક ગજેન્દ્ર વિઠ્ઠલઆહીર, છાયાકદમ, વૈભવ માંગલે અને સરફરાઝ આલમ સફુ સહિત ફિલ્મની કાસ્ટ અને ક્રૂ મેમ્બરે ગઈકાલે ગોવામાં એક પત્રકાર પરિષદ દરમિયાન મિડિયાનેસંબોધન કર્યુંહતું. મરાઠી ભાષાનીઆ ફિલ્મ એક માર્મિક, ક્રોસ-કન્ટ્રી સ્ટોરી છે જે બે અલગ સંસ્કૃતિઓ - રશિયા અને કોંકણને જોડે છે. બર્ફીલા સાઈબિરીયા અને લીલાછમ કોંકણની વિરોધાભાસી પૃષ્ઠભૂમિ પર આધારિત આ ફિલ્મ ભારતમાં રહેતી દાદી અને રશિયામાં રહેતી પૌત્રી વચ્ચેના 'અંતર'નીશોધ કરેછે. દિગ્દર્શકગજેન્દ્ર વિઠ્ઠલ આહિરે સ્નો ફ્લાવર પાછળનીસર્જનાત્મક પ્રક્રિયાની માહિતી શેર કરી હતી. આહિરે આવી આત્યંતિક પરિસ્થિતિઓમાં ફિલ્માંકનના પડકારો પર પણ પ્રકાશ પાડ્યો હતો. સાઈબિરિયાના ખાન્ટી-માન્સિસ્ક ખાતે તાપમાન ઘટીને -૧૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જતાં, નાના ક્રૂને મુશ્કેલ સંજોગોમાં કામ કરવું પડ્યું હતું. આ પડકારો છતાં, ક્રૂના સમર્પણ અને મજબૂત ટીમવર્કને કારણે તેઓ એક એવી ફિલ્મનુંસર્જન કરી શક્યા જે વાર્તાના ભાવનાત્મક ઊંડાણને કેપ્ચર કરે. આહિરે કહ્યું, "જ્યારે અમે રશિયા પહોંચ્યા ત્યારે તે માઈનસ ૧૪ડિગ્રી હતું. તેઓ અમારીસંભાળરાખતા હતા – પગરખાં, કપડાં, જેકેટ, સાબુ અને શેમ્પૂની સગવડ કરીઆપી હતી. તેમના સમર્થનથીઅમે સારી રીતે કામ કરી શક્યા હતા અને વાર્તાને ન્યાય આપી શક્યાહતા." તેમણે એમ પણ જણાવ્યું હતુંકે ભાષાના અવરોધોહોવા છતાં- ક્રૂમાંથી કોઈ પણ અંગ્રેજી બોલતું ન હતું, અને રશિયન ક્રૂને હિન્દી આવડતું ન હતું – ત્યારે ફિલ્મ નિર્માણની સાર્વત્રિક ભાષાઅને પરસ્પર આદર પર આધાર રાખીનેટીમ સહજ રીતે વાતચીત કરવામાં સફળ રહી હતી. "આપણી સંસ્કૃતિના ભાગરૂપે અમે દરરોજ સવારે પ્રથમ શોટ પહેલાં ગણપતિઆરતી કરીએછીએ. રશિયાથી આવેલા ક્રૂએ પહેલા બે દિવસ સુધી આ નિરીક્ષણ કર્યું હતું અને તમને વિશ્વાસ નહીં આવે કે તેઓએ ત્રીજા દિવસથી આરતીકરવાનું શરૂ કર્યું હતું. તેઓએ કહ્યું કે અમને સમજાતું નથી, પણ તેમ કરવું સારું લાગે છે." તેઓ હસ્યા. વૈભવમાંગલેએ સમજાવ્યું કે, રશિયાની એક સ્થળ તરીકેની પસંદગી માત્ર તેની આકર્ષક ભૂગોળ માટે જ નહીં, પરંતુ કોંકણ સાથેના તેના સાંસ્કૃતિક વિરોધાભાસ માટે પણ ઈરાદાપૂર્વક કરવામાં આવી હતી. સાઈબિરિયાના બરફથી ઢંકાયેલા લેન્ડસ્કેપ્સે વાર્તામાં ભાવનાત્મક અને ભૌગોલિકવિભાજન માટે એક સંપૂર્ણપૃષ્ઠભૂમિ પ્રદાન કરી હતી, જે લીલાછમ, ઉષ્ણકટિબંધીય કોંકણ ક્ષેત્રના વિરોધાભાસી વિષયોને પ્રતિબિંબિત કરે છે. આ ફિલ્મની જાણીતી અભિનેત્રી છાયા કદમે બંને દેશો વચ્ચેના વિરોધાભાસને રજૂ કરવાનો પોતાનો અનુભવ શેર કર્યો હતો. તેમણે સમજાવ્યું "હુંગજેન્દ્રની મોટી ચાહક છું અને તેમની સાથે કામ કરવાથી મને રશિયા અને ભારત વચ્ચેના તીવ્ર સાંસ્કૃતિક મતભેદોને રજૂ કરવાની તક મળી." આ ફિલ્મના મુખ્ય અભિનેતા સરફરાઝ આલમ સાફુએ સેટમાં અનુભવેલીસહયોગી ભાવના પર વધુ ભાર મૂક્યો હતો. મોસ્કોમાં રહેતા સાફુએ નાના ક્રૂની ઓછામાંઓછા સાધનો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે કામ કરવાની ક્ષમતાની પ્રશંસા કરી હતી. સાફુએ કહ્યું "મર્યાદિત સંસાધનો હોવા છતાં, અમે શૂટિંગને ખેંચવામાં સફળ રહ્યા. દિગ્દર્શક ગજેન્દ્રએ મને મારી જાતને વ્યક્ત કરવાની જગ્યા આપી, અને હું કાસ્ટ અને ક્રૂ પાસેથી ઘણું શીખ્યો."તેમણે પ્રેક્ષકો પર ફિલ્મની ભાવનાત્મક અસર પર પણ પ્રકાશ પાડ્યોહતો, જેમાં ઘણા રશિયન દર્શકો, જેઓ અહીં ઈફ્ફીના પ્રતિનિધિઓ તરીકે આવ્યા છે, સ્ક્રીનિંગ દરમિયાન આંસુએ રડી પડ્યા હતા. તેમણે નોંધ્યું હતું કે, "બંને દેશોવચ્ચેનું જોડાણ વધી રહ્યુંછે." સફુએ કહ્યું, "મને આશાછે કે આ ફિલ્મ રશિયન અને ભારતીય ફિલ્મ નિર્માતાઓ વચ્ચે વધુ સહયોગને પ્રેરિત કરશે." કોંકણના અદભૂત બીચથી માંડીને સાઈબિરિયાના થીજવીનાખે તેવા, બરફથી ઢંકાયેલાલેન્ડસ્કેપ્સ સુધી, આ ફિલ્મ એકદમવિઝ્યુઅલ કોન્ટ્રાસ્ટરજૂ કરેછે જે પાત્રોની ભાવનાત્મક ઉથલપાથલને પ્રતિબિંબિત કરે છે. પત્રકાર પરિષદ દરમિયાન ફિલ્મ સર્જકોએ મિડિયાઅને પ્રેક્ષકોને પ્રાદેશિક સિનેમાને ટેકો આપવા વિનંતી કરી હતી. આહિરે કહ્યું, "આ એક પ્રાદેશિક ફિલ્મ છે જે દરેક ભારતીયને જોવાલાયક છે. "તેમાત્ર બે સંસ્કૃતિઓવચ્ચે ફસાયેલી છોકરીની વાર્તાવિશે જ નથી, પરંતુતે કુટુંબ, પ્રેમ અનેપોતાનાપણાના સાર્વત્રિક વિષયો વિશે છે." કુ. નિકિતા જોશીએ પત્રકાર પરિષદનું સંચાલન કર્યું હતું.

ફિલ્મ વિશે: સ્નો ફ્લાવર' જાન્યુઆરી ૨૦૨૪માં ભારતભરમાં થિયેટરમાં રજૂ કરવામાં આવી હતી.

સ્નોફ્લાવરનું હૃદયએક યુવાન છોકરી પરીની ભાવનાત્મક સફરમાં રહેલું છે, જે પોતાને બે અલગ અલગ દુનિયા વચ્ચે ફસાયેલી જુએ છે. આ વાર્તા બે દેશોમાં જોવામળે છેઃ ભારતના કોંકણમાં, બબલ્યા નામનું પાત્ર, એક યુવાન સ્વપ્નદ્રષ્ટા છે જે રશિયાનો પ્રવાસ કરીરહેલા દશાવતાર થિયેટર જૂથમાં જોડાવા માટે ઝંખના કરે છે. જે તેના માતાપિતા, દિગ્યા અને નંદા સાથેના તેના સંબંધોને તણાવપૂર્ણ બનાવે છે. રશિયામાં બબલ્યા એક જીવન શરૂ કરે છે, લગ્ન કરે છે, અને તેને એકપુત્રી પરી છે. જો કે, જ્યારે પબની બોલાચાલીમાં બબલ્યાનું મોત થઈ જાય છે, અને તેના માતાપિતા અનાથ પરીને કોંકણ પાછી લાવવા રશિયાનો પ્રવાસ કરે છે. તેમના પ્રેમ અને તેને ઉછેરવાનાપ્રયત્નોછતાં, તેઓનેટૂંક સમયમાંજ ખ્યાલ આવે છેકે છોકરીનુંસાચું સ્થાન રશિયામાં છે, જ્યાં તે પરિપૂર્ણતા અનેખુશી મેળવીશકે છે. એક હૃદયસ્પર્શી નિર્ણયમાં, નંદાયુવતી અને તેના વતન વચ્ચેના ઊંડા જોડાણને સ્વીકારે છે અને પરીને રશિયાપરતમોકલી દે છે.

તમિલ અભિનેતા શિવકાર્તિકેયને ૫૫મી આઈએફએફઆઈમાં ખુશ્બુ સુંદર સાથેની વાતચીતમાં કહ્યું, મારા પ્રેક્ષકો તરફથી સીટીઓ અને તાળીઓ મળે એ મારી થેરેપી છે

તમિલ અભિનેતાએ આઇએફએફઆઈમાં પોતાના જીવનના પાઠ શેર કરતા ધૈર્ય, દ્રઢતા અને પ્રામાણિકતાની યાત્રાની વાત કરી

યુવાનોને અભિનેતાએ આગ્રહ કર્યો, એક સ્વતંત્ર પક્ષીની જેમ ઉડો, પરંતુ હંમેશા પોતાના માળામાં પરત ફરો

જ્યારે તેઓ ખીચોખીચ ભરેલા હોલમાં પહોંચ્યા ત્યારે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું ત્યારે ગોવાની કલા એકેડમીના ઓડિટોરિયમ તાળીઓના ગડગડાટ અને સીટીઓના અવાજથી ગુંજી ઊઠ્યું હતું. તમિલ સુપરસ્ટાર શિવકાર્તિકેયાનની હાજરી પરદા પર અને ઓફ સ્ક્રીન પર આવી જ હોય છે.

કમલમ્,

શિવકાર્તિકેયાનની સાધારણ શરૂઆતથી તમિલ સિનેમાના તેજસ્વી સ્ટાર્સમાંના એક બનવા સુધીની સફર ધૈર્ય, જુસ્સા અને ખંતની વાર્તા રજૂ કરે છે. ૫૫માં ઈન્ટરનેશનલ ફિલ્મફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (આઈએફએફઆઈ)માં જણાવતા તેઓ અભિનેતા અને રાજકારણી ખુશ્બુ સુંદર સાથે રસપ્રદ વાતચીત કરવા બેઠા હતા અને તેમના જીવન, કારકિર્દી અને પ્રેરણાની ઝલક રજૂ કરી હતી. શિવકાર્તિકેયને જણાવ્યું હતું કે, "શરૂઆતથી જ સિનેમા હંમેશાં મારું પેશન રહ્યું છે અને હું હંમેશાં દર્શકોનું મનોરંજન કરવા માંગતો હતો. તેથી, મેં ટેલિવિઝન એક્કરિંગથીશરૂઆત કરી, જેણે મને મનોરંજનમાંકારકિર્દી બનાવવાની તક આપીઅને જે મેં ખૂબ જ જુસ્સા સાથે અનુસર્યું." એક મિમિક્રી આર્ટિસ્ટ તરીકેના પોતાના શરૂઆતનાદિવસોવિશેવાત કરતાં શિવકાર્તિકેયને યાદ કરતાંકહ્યું "હું એન્જિનિયરિંગ કોલેજમાં મારા પ્રોફેસરોની નકલ કરતો હતો. પાછળથી, જ્યારે મેં તેમની પાસે માફી માંગી, ત્યારે તેઓએ મને પ્રોત્સાહન આપ્યું અને કહ્યું કે આ પ્રતિભાને યોગ્ય રીતે નિખારવી જોઈએ. " અભિનેતાએ ખુલાસો કર્યો કે તેનાપિતાનુંઅકાળે અવસાન એ તેમના જીવનનો એક વળાંક હતો. "મારા પિતાના અવસાન પછી, હું લગભગ હતાશામાં આવી ગયો હતો. મારા કામે મને બહાર ખેંચી લીધો અને મારા પ્રેક્ષકોની સીટીઓ અને તાળીઓ મારો ઉપચાર બની ગઈ". તેણે તેની સ્થિતિસ્થાપકતા માટે તેનાચાહકના પ્રેમ અને સમર્થનને શ્રેય આપ્યો. ખુશ્બુ સુંદરે તેનાદ્રઢ નિશ્ચય અને પ્રામાણિકતાની પ્રશંસા કરી હતી, જેને તેણેતેના જીવનનાસૌથી મોટા એક્કર ગણાવ્યાહતા. આવાત સાથે સહમત થતાંશિવકાર્તિકેયને ઉમેર્યું હતું કે, "મને હંમેશાંલાખો લોકોમાં અલગ તરીઆવવાની ઈચ્છા રહી છે, જ્યારે તે હજી પણ સામાન્ય માણસ સાથે જોડાયેલા હોવાનો અહેસાસ કરે છે. જીવન અવરોધોથી ભરેલું છે, પરંતુ કોઈના જુસ્સાને અનુસરવાથી તેમને દૂર કરવામાં મદદમળે છે. એક સમય એવો હતો જ્યારે મને થતું કેહું હાર માની લઉં, પરંતુમારા પ્રેક્ષકોના પ્રેમે મને પ્રેરિત કર્યો હતો." મિમિક્રી આર્ટિસ્ટથી માંડીને ટેલિવિઝન હોસ્ટ સુધી અને આખરે તમિલ સિનેમાના સૌથી જાણીતા કલાકારોમાંના એક શિવકાર્તિકેયને ઘણી ઉપલબ્ધિઓ મેળવી છે. તેણે પાર્શ્વગાયક, ગીતકાર અને નિર્માતા તરીકે પણ પ્રશંસા મેળવી છે. પોતાની કારકિર્દીની પસંદગીઓ વિશે વાત કરતાં તેમણે સમજાવ્યું, "મારી કારકિર્દીની શરૂઆતમાં મેં મારા માર્ગમાં આવતા દરેક પ્રોજેક્ટને સ્વીકાર્યા હતા પરંતુહવે, મને લાગે છે કે વાર્તાઓ મને પસંદ કરી રહી છે. "તેમણે ડોક્ટર, ડોન અને તાજેતરના અમરન જેવી ફિલ્મોનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં તેમણે વાસ્તવિક જીવનના યુદ્ધના હીરો મુકુંદ વરદરાજનનું પાત્ર ભજવ્યું હતું, જેમાં તેણે જણાવ્યું કે હાલે તેઓ કઈ રીતે એક અર્થપૂર્ણ ભૂમિકાઓપસંદકરી રહ્યાછે. એક ઉપકરણના રુપમાંરમૂજનાતેમના ઉપયોગની ચર્ચા કરતા, શિવકાર્તિકેયને વધુમાંજણાવ્યું હતું કે, "ટેલિવિઝનથી સિનેમામાં જવું મુશ્કેલ હતું. મેં મારા કવચ તરીકે રમૂજનોઉપયોગ કર્યોહતો, કારણ કે મને ખ્યાલઆવ્યો હતોકે તેનાથી પ્રેક્ષકોને આનંદથાય છે, પછી ભલે તે નાના પડદા પર હોય કે મોટા પડદા પર." યુવા પેઢી માટે તેમણે સરળતાથી કહ્યું: "મુક્તપક્ષીની જેમ ઉડાન ભરો, પરંતુ હંમેશાં તમારા માળામાં પાછા ફરો. મારા માટે મારું કુટુંબએ મારો માળોછે અને હું માનું છું કે મૂળમાં રહેવુંખૂબ જ જરૂરી છે. આપણાં મા-બાપ આપણાં માટે માત્ર શ્રેષ્ઠ જ ઈચ્છે છે." આ સત્ર એક અસાધારણ પ્રતિભાનીઉજવણી હતી, જેની વાર્તા લાખો લોકો સાથે ગુંજી ઉઠે છે. શિવકાર્તિકેયાનના મધ્યમવર્ગીય ઉછેરથી માંડીને તમિલ સિનેમાની ટોચ સુધીની સફર જુસ્સો, સ્થિતિસ્થાપકતા અને સ્વપ્નોની શક્તિની પ્રેરક ગાથા તરીકે રહી છે.

'હનુમાન:' ભારતીય પેનોરમા સ્ટેજપર એક પૌરાણિક સુપરહીરો

અર્થપૂર્ણ વર્ણનો આપવા એ માત્ર ધ્યેય જ નહીં પરંતુ એક જવાબદારી છે : તેજા સજ્જા

દર્શકોના કથા પ્રત્યેના પ્રેમ અને જુસ્સાને કારણે આપણું સિનેમા ખીલે છે : તેજા સજ્જા

હનુમાન જેવી હસ્તીઓની વૈશ્વિક સ્તરે ઉજવણી થઈ ચૂકી છે; હવે સમય આવી ગયો છે કે ભારત કથાનું નેતૃત્વ કરેઃ તેજા સજ્જા

કમલમ્,

ગોવાના ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (આઈએફએફઆઈ)માંઈન્ડિયન પેનોરમા સેકશનમાં પ્રસંથ વર્મા દિગ્દર્શિત એક મનમોહક સિનેમેટિક સાહસ હનુમાનનું પ્રદર્શન જોવા મળ્યુ હતું. અંજનાદ્રીના કાલ્પનિક ગામમાં બનેલી આ ફિલ્મમાં હનુમાનથુ નામના એક નાનકડા ચોરની યાત્રાનું વર્ણન કરવામાં આવ્યું છે, જે ભગવાન હનુમાનના લોહીના અશ્મિભૂત ટીપામાંથી દૈવી શક્તિઓ મેળવેછે. આ રૂપાંતરણ સ્વ-ઘોષિત સુપરહીરો, પૌરાણિક કથાઓ, હિંમત અને માનવીય સ્થિતિસ્થાપકતાને એકબીજા સાથે સાંકળીને એક મહાકાવ્ય અથડામણનો તખ્તો તૈયાર કરે છે. હનુમંથુની મુખ્ય ભૂમિકા ભજવનાર અભિનેતા તેજા સજ્જાએ ભારતીય પૌરાણિક કથાઓના મૂળમાં રહેલી કથાને આગળ ધપાવવાનીજવાબદારી પર ભારમૂક્યોહતો પ્રોડક્શનના સ્કેલ વિશે બોલતા, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કેવી રીતે ટીમે બજેટના અવરોધોને પાર કરીને મોટા પાયે ભારતીય સિનેમા સાથે સરખાવી શકાય તેવા વિઝ્યુઅલ્સ બનાવ્યા હતા. અંજનાદ્રીના મનોહર છતાં કાલ્પનિક ગામને સંપૂર્ણપણે હૈદરાબાદના એકસેટ પર ફરીથી બનાવવામાં આવ્યું હતું, જેમાં ફિલ્મ નિર્માતાઓની ચાતુર્ય દર્શાવવામાં આવી હતી. સજ્જાએ આ ફિલ્મ પાછળના સર્જનાત્મક વિઝન પર પણ પ્રકાશપાડ્યો હતો, જેમાં નિર્માણની ત્રણ વર્ષની લાંબી યાત્રા દરમિયાન દિગ્દર્શક પ્રશાંત વર્માની દ્રઢતા અને જુસ્સાને શ્રેય આપવામાં આવ્યો હતો. તેમણે પ્રકાશ પાડ્યો કે કેવી રીતેઆ ફિલ્મ માત્ર ભારતનાપૌરાણિક મૂળને જ પાછું લાવે છે, પરંતુ વૈશ્વિક મંચ પર ભારતીય સિનેમાને પણ સ્થાન આપે છે.

સજ્જાએ સમાન પૌરાણિક વ્યક્તિઓથી પરિચિત આંતરરાષ્ટ્રીય પ્રેક્ષકો સાથે ગુંજી ઉઠતી વખતે ભારતીય સંસ્કૃતિમાં ઉંડા મૂળવાળા પાત્રનું ચિત્રણ કરવામાં ગર્વ વ્યક્ત કર્યો હતો. હનુમાનને મોટી ફ્રેન્ચાઈઝીમાં વિસ્તૃતકરવાનીયોજનાપણ જાહેર કરવામાં આવીહતી, જેમાં તેજાએ સિક્વલ પરકામ કરવાનીપુષ્ટિ કરી હતીજે વધુભવ્ય કથાનુંવચન આપે છે. તેમણે ફિલ્મમાં સારી રીતે લખેલી સ્ત્રી પાત્રોના મહત્વ પર ભાર મૂક્યો હતો અને વાર્તાને આગળ ધપાવવામાં તેમની મુખ્ય ભૂમિકાની નોંધ લીધી હતી. અભિનેતાએ ભારતીય સિનેમાના ભવિષ્ય વિશેનો આશાવાદ પણ વ્યક્ત કર્યો હતો, અને તેની વૃદ્ધિ માટે પ્રેક્ષકોના વાર્તા કહેવા માટેના અતૂટ પ્રેમને આભારી છે. તેમણે નોંધ્યું હતું કે સમૃદ્ધ તેલુગુ ફિલ્મ ઉદ્યોગ નવીન કથાઓઅને આકર્ષક અભિનય સાથેના અવરોધોને તોડવાનુંચાલુ રાખેછે, આએક એવું વલણ છે જે તેમને આશા છે કે તે વધુઆંતરરાષ્ટ્રીયમાન્યતાને પ્રેરણા આપશે. હનુમાનસાંસ્કૃતિક વારસા અને આધુનિક વાર્તાના શક્તિશાળી મિશ્રણનુંપ્રતિનિધિત્વ કરે છે, જેનો ઉદ્દેશભારત અને વિદેશમાંપ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરવાનો છે. ભારતીય પેનોરમા વિભાગમાં તેનો સમાવેશ ફિલ્મના કલાત્મક અને સાંસ્કૃતિક મહત્વને પુષ્ટિ આપેછે. કાર્યક્રમનું સંચાલન મહેશ ચોપડેએ કર્યું હતું.

હનુમાન માત્ર એક ફિલ્મ નથી, તે આપણાં સાંસ્કૃતિક મૂળ અને પરંપરાઓને શ્રદ્ધાંજલિ છે. તેજા સજ્જા

રાજકોટના સદભાવના વૃદ્ધાશ્રમની મુલાકાત લેતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

રાજ્યપાલશ્રીએ વૃદ્ધાશ્રમનું વ્યવસ્થાપન કરતી દીકરીઓને બિરદાવી

કમલમ્, રાજકોટ

